વડોદરાના મહે.૯માં એડી.ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુકામ–વડોદરા.
ફોજદારી કેસ નં.: ૫૦૧૩/૨૦૨૧
લક્ષ્મીપુરા પો.સ્ટે.સે.ગુના રજી.નં. ૫૯૧/૨૦૨૦(૦૯૩૬)
આંક :____

ફરીયાદી:– શ્રી સરકાર

વિરુધ્ધ

આરોપી:– હિતેષ રમેશભાઈ પરમાર

---

ગુનો:– એમ.વી.એકટની કલમ–૧૮૫ મુજબ...

---

:: ચુકાદો ::

૧) ફરિયાદપક્ષના કેસની હકીકત એવી છે કે, આ કામના આરોપી વગર પાસ પરમીટે દારૂ જેવા કેફી પીણાનો નશો કરેલ હાલતમાં પોતાનું વાહન વાંકુચુકુ ચલાવી પોતાની તથા બીજાની જીંદગી જોખમાય તે રીતે હંકારી લાવી મળી આવી પકડાઈ જતાં, આરોપી સામે **એમ.વી.એકટની કલમ–૧૮૫** અન્વયેનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ હોવા અંગેનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં દાખલ થયેલ છે.

૨) આજરોજ નેશનલ લોક અદાલતનું આયોજન કરવામાં આવેલ હોઈ તથા આજરોજ ખાસ સીટીંગનુ આયોજન હોઈ હાલના ગુનાની સજાની જોગવાઈ વિગેરે ધ્યાને લેતાં સદર કામ ખાસ સીટીંગમાં મુકવામાં આવેલ અને આરોપીને સમન્સ બજતા, આરોપી આજરોજ હાજર થતાં, આરોપીને પોલીસ પેપર્સની નકલ વિનામુલ્યે આપવામાં આવેલ છે અને આરોપી હાજર થઈ તેઓને ગુનાનો અહેસાસ હોઈ આરોપીનું નિવેદન લેતાં આરોપીએ તેઓના વિરુધ્ધના ગુનાની સ્વૈચ્છાએ કબુલાત કરેલ છે તેમજ અલાયદી કબુલાત પુરસીસ રજુ કરેલ છે, જેમાં મુખ્યત્વે આરોપીએ જણાવેલ છે કે, તેઓનો આ પ્રથમ ગુન્હો છે અને આ ગુન્હો તેમનાથી કોઈ પણ જાતના બદઈરાદા વગર અજાણતાથી થયેલ છે અને તેઓને સજા કરવામાં આવે તો તેમના કુટુંબને ભુખે મરવાનો વારો આવશે અને તેઓ કુટુંબના એકમાત્ર કમાનાર વ્યકિત છે અને હવે પછીથી ભવિષ્યમાં આવા પ્રકારનો ગુન્હો નહી કરે તેવી બાંહેધરી આપે છે અને સુધરવાની તક આપવા સામે યોગ્ય તે દંડની સજા કરવા વિનંતી કરેલ છે.

૩) સદર કામે આરોપીની ગુના કબુલાત પુરસીસ ધ્યાને લેતા આ અદાલત પાસે આરોપીને તકસીરવાન ઠરાવ્યા સિવાય બીજો કોઈ વિકલ્પ નથી. આરોપીને સજા અંગે પુછતા આરોપીનું એ સ્પષ્ટ કથન છે કે, આ ગુન્હો તેમનાથી કોઈ પણ જાતના બદઈરાદા વગર અજાણતાથી થયેલ છે અને તેઓને સજા કરવામાં આવે તો તેમના કુટુંબને ભુખે મરવાનો વારો આવશે અને તેઓ કુટુંબના એકમાત્ર કમાનાર વ્યકિત છે અને હવે પછીથી ભવિષ્યમાં આવા પ્રકારનો ગુન્હો નહી કરે તેવી બાંહેધરી આપે છે અને સુધરવાની તક આપવા સામે યોગ્ય તે દંડની સજા કરવા વિનંતી કરેલ છે તેમજ **નામદાર ગુજરાત વડી અદાલતે ૨૦૦૫(૧), જી.એલ.આર., પેજ નં.૭૦૯, સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરચંદજી ઠાકોર**ના કેસમાં એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલો છે કે, જો પુરતાં અને વ્યાજબી કારણો હોય તો દરેક કેસની હકીકત ધ્યાને લઈ નીચેની અદાલતમાં કાયદામાં કરેલ જોગવાઈ કરતાં પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે. આમ, સદરહુ ચુકાદાના પાના નં. ૭૨૧ ઉપર પેરા–૨૧ માં

જે કારણો જણાવેલાં છે તે ઘ્યાને લેતા ઉપરોકત ચુકાદો આરોપીના કેસને મદદરૂપ થતો હોય તેમ જણાય છે. આ સંજાગોમાં આરોપીની રજુઆત ઘ્યાને લેતા હું આરોપીને ઓછામાં ઓછી સજા કરવાનું ઉચિત માનું છું અને આરોપીને ઉપરોકત ગુનાઓમાં તકસીરવાન ઠરાવું છુ અને નીચે મુજબનો હુકમ કરૂ છું.

**:: હુકમ ::**

**અ.** આ કામના આરોપીને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૫૨ અન્વયે એમ.વી.એકટની કલમ–૧૮૫ ના ગુનામાં આરોપીની કબુલાત આધારે તકસીરવાન ઠરાવી, આરોપીને એમ. વી. એકટની કલમ–૧૮૫ ના ગુના સંબંધે **રૂા. ૧,૦૦૦/– (અંકે રૂપીયા એક હજાર પુરા)** નો દંડ ફરમાવવામાં આવે છે તથા જો દંડ ના ભરે તો દિન–૧૦ ની સાદી કેદ ની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

**બ.** વધુમાં આ કામે મુદામાલ પાવતીમાં જણાવેલ મુદામાલ વાહન સંબંધે અગાઉ કોઈ વચગાળાનો હુકમ થયેલ હોય તો તે આથી કાયમ રાખવામાં આવે છે અથવા જો કોઈ હુકમ થયેલ ન હોય તો મુદ્દામાલ પાવતીમાં જણાવેલ મુદ્દામાલ વાહન સંબંધે જો કોઈ કલેઈમેન્ટ આવે તો તે અંગે અલગથી ઈન્કવાયરી કરી આ કામેના મુદ્દામાલનો નિકાલ કરવા ન્યાયના હિતમાં હુકમ કરવામાં આવે છે.

**હુકમ આજરોજ તા.૧૦મી માહે:જુલાઈ, સને–૨૦૨૧ ના રોજ સ્પેશ્યલ સીટીંગમાં ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.**

**તારીખ:૧૦/૦૭/૨૦૨૧**
**સ્થળ : વડોદરા**

**મોહંમદસલીમ હબીબખાન પઠાણ**
**(જીજે.૦૦૮૧૧)**
**૯માં એડી.ચીફ.જ્યુડી.મેજીસ્ટ્રેટ**
**વડોદરા**

/S.R.Tadvi/Steno/